## અભ્યાસપૂર્ણ મૂલ્યાંકન, રસપ્રદ શૈલી... | અજય પાઠક

[**રઘુવીર ચૌધરીની સાહિત્યયાત્રા** : લે. મુનિકુમાર પંડ્યા, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૨૦૦, કિં. રૂ. ૧૨૫/-]

શ્રી રઘુવીર ચૌધરી ગુજરાતી સાહિત્યક્ષેત્રે લગભગ છેલ્લા પાંચેક દાયકાથી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં મૂલ્યવાન પ્રદાન કરી રહ્યા છે. તેમાંથી પ્રથમ ત્રણ દાયકાના શ્રી રઘુવીર ચૌધરીના સાહિત્યપ્રદાનની ઊંડાણપૂર્વકની ચર્ચા અને તે દ્વારા અભ્યાસપૂર્ણ મૂલ્યાંકન શ્રી મુનિકુમાર પંડ્યાના તાજેતરમાં પ્રસિદ્ધ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. પોતાના અભ્યાસની આકર્ષક રજૂઆત અને લેખન/અભિવ્યક્તિની રસપ્રદ શૈલીના કારણે પુસ્તક વિવેચનના ક્ષેત્રનું હોવા છતાં એકી બેઠકે વાંચવું ગમે તેવું બન્યું છે.

ઈ. સ. ૧૯૬૧થી ૧૯૯૦ સુધીમાં પ્રગટ થયેલ શ્રી રઘુવીર ચૌધરીનાં સર્જન-વિવેચનાદિ પુસ્તકોનું મૂલ્યાંકન નવ પ્રકરણમાં વહેંચાયેલ છે. પ્રકરણ એકને પ્રારંભ/પ્રાસ્તાવિક કે વિષયઉઘાડનું ગણીએ અને પ્રકરણ નવને સમાપન, નિષ્કર્ષ અંગેનું ગણીએ તો અન્ય સાત પ્રકરણોમાં નવલકથા, ટૂંકી વાર્તા, કવિતા, નાટક, ચરિત્ર, વિવેચન તથા અન્ય સાહિત્ય અંગે વાત કરવામાં આવી છે. આ નવેય પ્રકરણોનાં શીર્ષકો આકર્ષક એવમ્ સૂચક છે. દા.ત. આરંભનું પ્રકરણ ‘સાબરનો સહવાસી – સાહિત્યનો સંગાથી’, અંતનું પ્રકરણ ‘સાહિત્ય – પ્રજાને પ્રબોધતું – ભાષાને સમૃદ્ધ કરતું.’ પ્રકરણને શીર્ષક આપ્યા પછી મુનિકુમાર રઘુવીરના સાહિત્યમાંથી યોગ્ય અવતરણ મૂકીને શીર્ષકનું અલંકરણ કરે છે તે શોભે છે. દા.ત. ‘સાબરનો સહવાસી...’ શીર્ષકની નીચે પંક્તિ મૂકી છે ‘હું કેડી ખોતાં શતપથમાં પ્રસર્યો’, અને ‘સાહિત્ય – પ્રજાને...’ શીર્ષકની નીચે ‘વક્તવ્ય પ્રજાને પ્રબોધે અને અભિવ્યક્તિ ભાષાને સમૃદ્ધ કરે.’ આ અવતરણો પ્રકરણમાંની ચર્ચાનું હાર્દ પ્રકટ કરનારાં બની રહે છે તે વિશેષ. પુસ્તકના આઠ પ્રકરણમાં આ રીતે શીર્ષકો અને તેની નીચે મુકાયેલાં અવતરણો પ્રસન્નકર છે અને પ્રકરણગત ચર્ચાનાં દિશાસૂચકો છે. તેથી આ પ્રકારનું અલંકરણ અર્થપૂર્ણ બની રહે છે. ૮મા પ્રકરણને શીર્ષક નથી આપ્યું

પ્રથમ પ્રકરણમાં રઘુવીર ચૌધરીની જીવનવિષયક વિગતો આપીને તેમના ઘડતર અંગેની છણાવટ કરી છે. ‘દર્શકના દેશ’માંનું રઘુવીર ચૌધરીનું વાક્ય ‘હું ચાહું પન્નાલાલ પટેલને પણ માનું ‘દર્શક’માં’ને મુનિકુમાર લંબાવે છે... ‘અને ઉમાશંકર જોશીને પણ આવકારું.’ ‘ઉમાશંકર જોશીના પરિચયમાં આવ્યા પહેલાં રઘુવીરમાં ઘણુંબધું સંઘરાઈ ચૂક્યું હતું’ એમ નોંધીને મુનિકુમાર જણાવે છે કે ઉમાશંકર જોશીના ગાઢ પરિચયમાં આવતાં ‘જાણ્યેઅજાણ્યે ઉમાશંકર જોશી રઘુવીર માટે માપદંડ બની રહ્યા. અંદરનું જે સંઘરાઈ ચૂક્યું હતું એને વ્યવસ્થિત રૂપ મળવા લાગ્યું.’ આગળ ચર્ચા કરતાં મુનિકુમાર રઘુવીરની વિશેષતા ઉમાશંકર સંદર્ભે તારવે છે કે ‘.... દ્વેષરહિત બનવા મથવું એ ઉમાશંકર જોશીનું વલણ છે તો ‘માણસ મારે મન પહેલો’ એ રઘુવીરનું સૂત્ર છે. માણસને સમજવા કરતાં ચાહવાનો પ્રયત્ન કરવો વધુ યોગ્ય છે એમ તેઓ માને છે.’ આગળ જતાં આ ચર્ચામાં મુનિકુમાર રઘુવીરના વ્યક્તિત્વમાં વણાઈ ગયેલ બાબતનો સદૃષ્ટાંત ઉલ્લેખ કરે છે. ‘માણસ મારે મન પહેલો’ એ અન્વયે રઘુવીરનો અન્ય સાથેનો વ્યવહાર સહાનુભૂતિપૂર્ણ રહ્યો છે. પ્રથમ પ્રકરણમાં રઘુવીરના આંતર-બાહ્ય વ્યક્તિત્વ તેમજ વૈચારિક ઘડતરનો સરસ આલેખ લેખકે આપ્યો છે.

પ્રકરણ-૨ અને ૩માં અનુક્રમે રઘુવીર ચૌધરીની નવલકથા અને નવલિકા અંગેની ચર્ચા કરવામાં આવી છે. આ બંને પ્રકરણનાં શીર્ષક છે ‘અનુભવવિશ્વનો હિસાબ.’ નવલકથા અંગેના પ્રકરણમાં શીર્ષકની નીચે રઘુવીર ચૌધરીનું અવતરણ મૂકવામાં આવ્યું છે. ‘જીવનદર્શનનો સમાવેશ અને સ્વરૂપસિદ્ધિ સાહિત્યના ક્ષેત્રમાં બે ભિન્ન ઘટનાઓ હોઈ શકે નહિ’ (ગુજરાતી નવલકથા). રઘુવીર ચૌધરી જીવનલક્ષી સાહિત્યમાં માનનાર સર્જક અને વિવેચક છે. તેમની ૪૩ જેટલી નવલકથા અને ૧૦ વાર્તાસંગ્રહો પૈકી ૧૯૯૦ સુધીમાં પ્રકાશિત થયેલ સાહિત્યને કેન્દ્રમાં રાખી મુનિકુમારે ચર્ચા કરી છે. નવલકથા અંગેની સમગ્ર ચર્ચા ઊંડાણભરી બની છે. પાત્રસર્જન વિશે વિગતે વાત કર્યા બાદ નિરૂપણરીતિ વિશે, ભાષા વિશે ચર્ચા કરી છે અને સ્પષ્ટ તારણો આપ્યાં છે. તેમનાં શિક્ષિત અને બૌદ્ધિક ‘પાત્રો લેખકના દોરીસંચાર પ્રમાણે ચાલતાં હોય એમ લાગે છે’, જ્યારે ‘જેઓ બુદ્ધિના કશાય આયાસ વિના પોતાનાં કાર્યો દ્વારા અને ભાવની અભિવ્યક્તિ દ્વારા જાતને રજૂ કરે છે તે પાત્રોમાં લેખકની પાત્રનિરૂપણની શક્તિનો ખરો ખ્યાલ પ્રાપ્ત થાય છે તથા લેખકનાં સ્ત્રીપાત્રો નવલકથાને જિવાડી જાય છે’ તેવું નિરીક્ષણ આપીને નવલકથાના મુકાબલે રઘુવીર લઘુનવલકથામાં વિશેષ સફળ થયા છે તેવું તારણ મુનિકુમાર આપે છે. અલબત્ત સાથે નોંધે છે કે રઘુવીર નવલકથા અને લઘુનવલકથા એવા ભેદ કરતા નથી. નિરૂપણરીતિ અંગે ચર્ચા કરતાં લેખક જણાવે છે કે ‘‘સંવાદ, પ્રતીક, પુરાકલ્પન, સ્વપ્નપ્રતીક, પ્રાકૃતિક વર્ણન, અલંકાર, ટૂંકી વાક્યરચનાઓ અને ક્યારેક સાદાં વિધાન જેવી વિવિધ પ્રયુક્તિઓ વડે પાત્રગત ભાવ યા તો પાત્રની આંતરચેતનાને નિરૂપવામાં ઓછા અપવાદ સાથે રઘુવીરને જે સફળતા મળે છે એ જ એના સર્જનકર્મનો વિશેષ છે અને એ જ એના ભાષાકર્મની સિદ્ધિ છે.’’ મુનિકુમારે રઘુવીર ચૌધરીની નોંધપાત્ર નવલકથાઓ તરીકે ત્રણ કૃતિઓ વિશે વિગતે વાત કરી છે, તેડાગર, કથાત્રયી – ઉપવાસ, સહવાસ, અંતરવાસ અને લાગણી. અહીં નોંધવું જોઈએ કે ‘અમૃતા’ વિશે પણ અલગ રીતે ચર્ચા કરવી જોઈતી હતી.

ટૂંકી વાર્તા અંગેની ચર્ચાના ૩જા પ્રકરણમાં શીર્ષકની નીચે આપેલું અવતરણ ‘વાર્તા જગાડે તે સંવેદન કેટલું ઘનીભૂત છે, તીવ્ર છે એ તપાસવાથી વાર્તાની સફળતાનો અંદાજ મળે.’ (વાર્તાવિશેષ) રઘુવીર ચૌધરીની નવલિકા અંગેની માન્યતા અને તેમનો અભિગમ દર્શાવે છે. સુરેશ જોશીના પ્રભાવ તળે સાહિત્યસર્જનમાં ઘટના અને સ્વરૂપનિર્મિતિના પ્રશ્નો ઉદ્ભવ્યા તે વિશે રઘુવીર ચૌધરીએ સ્પષ્ટ સમજ સાથે પોતાનો મત કંડાર્યો અને તે મુજબ સર્જન કર્યું, અને ધ્યાનાર્હ સર્જક તરીકે ઊભરી આવ્યા. રઘુવીર ચૌધરીની ટૂંકી વાર્તા અંગેની સમજ અને તેમના વાર્તાસર્જન અંગે મુનિકુમારે સ-રસ ચર્ચા કરી છે. ’૯૦ સુધીમાં પ્રકટ વાર્તાઓને લક્ષ્ય કરીને ઊંડાણપૂર્વકની ચર્ચા કર્યા બાદ કેટલીક વાર્તાઓની મિતાક્ષરી સમીક્ષા આપી છે. તેમાં ‘નિરાલંબ’, ‘અનુબંધ’, ‘યાદ કરેલો એક પ્રસંગ’, ‘મુશ્કેલ – શ્રીમતી છાયા’, ‘આ સમય પણ વહી જશે’, ‘દેરી અને આકાશ’નો સમાવેશ કરવામાં આવ્યો છે. ‘રઘુવીરની સર્જકતા ઘણી ટૂંકી વાર્તાના સર્જનમાં ખીલી ઊઠી છે.’ એમ નોંધ્યા પછી પણ નબળી ટૂંકી વાર્તાઓ આપવા બદલ મુનિકુમાર રઘુવીરના સર્જનપ્રમાદને તાકીને કહે છે : ‘સાગર તરનાર ખાબોચિયામાં ડૂબે એવો ઘાટ થયો ગણાય.’ અને ચર્ચાના નિષ્કર્ષ રૂપે કહે છે, ‘‘રઘુવીરે સારી વાર્તાઓ ઠીક ઠીક સંખ્યામાં લખી હોવા છતાં મધુરાય કે કિશોર જાદવ જેવા વાર્તાકારોએ એક નવી દિશા ચીંધી આપી છે એવું નવપ્રસ્થાન કે દિશાસૂચન તેઓ વાર્તાના ક્ષેત્રે આપી શક્યા નથી.’’ જોઈ શકાય

છે કે મુનિકુમાર ‘મૂલ્યાંકન’ એટલે માત્ર પ્રશસ્તિગાન નહિ પરંતુ જરૂર જણાયે મગનું નામ મરી પાડીને વાત કરવાનું રાખે છે. આ રીતે અભ્યાસ અને વિવેચન તથા તેની અભિવ્યક્તિ અંગે મુનિકુમારનો અભિગમ પ્રશસ્ય જણાય છે.

પ્રકરણ-૪નું શીર્ષક છે, ‘શતપથ’. તેનો કાવ્યસંદર્ભ છે ‘હું કેડી ખોતાં શતપથમાં પ્રસર્યો.’ શીર્ષકની નીચે રઘુવીરની પ્રખ્યાત પંક્તિનું અવતરણ મૂક્યું છે, ‘વેદના મળી મને, મારાથી મોટું દર્દ જડ્યું’ (તમસા). ‘મને કેમ ના વાર્યો’ કાવ્યની આ પંક્તિ મુનિકુમારને ‘કાવ્યને એક તંતુએ બાંધી આપતી’ જણાઈ છે જ્યારે રાધેશ્યામ શર્માને આ પંક્તિ કાવ્યસૌંદર્યને વણસાડી આપતી લાગે છે. રાધેશ્યામ શર્મા આ પંક્તિને કૃતિના શિલ્પ પર કરવામાં આવેલા લપેડા જેવી જણાઈ છે. આ અભિપ્રાયનો પ્રતિવાદ કરીને મુનિકુમાર જણાવે છે, ‘કૃતિના શિલ્પ પર આ પંક્તિઓ રંગલપેડા જેવી નહિ લાગતાં શિલ્પાનુસારી રંગની ઝાંય રચી આપે છે.’ આવો જ પ્રતિવાદ સતીશ વ્યાસના ‘રઘુવીરમાં કવિતા અને ભાષાનો સમન્વય સિદ્ધ થયો નથી લાગતો’ એ વિધાનને ‘ચિન્ત્ય’ જણાવી મુનિકુમાર કહે છે, ‘કવિ સૂચન યા ઇંગિત દ્વારા વિચારને કાવ્યમાં રજૂ કરે છે ત્યારે ઘણી વાર તાત્કાલિક કથયિતવ્ય હાથમાં ન આવે એવું બને પણ એનાથી ‘બોઝિલતા’ તો નથી અનુભવાતી પણ ઊલટું રઘુવીરના ભાષાવૈશિષ્ટ્યનો આસ્વાદ કાવ્યાનંદમાં સહાયક બને છે. તેઓ હંમેશાં કવિતામાં સંવેદનની સૂક્ષ્મતા સિદ્ધ કરવા પ્રયત્નશીલ હોય છે.’ ઉદાહરણ તરીકે મુનિકુમારને કેટલીક પંક્તિઓ ટાંકી છે જે પૈકી મને ગમતી પંક્તિ નોંધું :

**“કોક છીપમાં બેઠી બેઠી ઝૂરે સુંદરતા**
**સાગરતીરે અલસ તિમિરે વિહરે એકલતા.”**

રઘુવીરની કવિતાના આસ્વાદલક્ષી મૂલ્યાંકનમાં ‘મને કેમ ના વાર્યો’ કાવ્યને કવિની પ્રતિનિધિરૂપ રચના ગણાવે છે. તેઓ ડૉ. દક્ષા વ્યાસને ટાંકે છે. “અહીં અતીતના મુગ્ધ, નરવા, નિતાંત સુંદર જગતની ઝંખના સ્થળ અને કાળના વિશાળ પરિમાણમાં વિસ્તરી છે. તેમાં કવિકર્મનો વિશેષ છે.” (સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા – પરિદર્શન). મુનિકુમાર આ કાવ્યનું વિશેષ મૂલ્યાંકન કરતાં જણાવે છે કે “સર્જક રઘુવીરના માનસ-સંચલનનો ખ્યાલ મેળવવા આ એક રચના પર્યાપ્ત છે... રઘુવીરની કાવ્યસર્જનની પ્રેરણાનો સ્રોત આ વેદના છે. ....કાવ્યસર્જનના આરંભકાળમાં યુવાવયે રઘુવીરને લાધેલું આ દર્શન તેમને ગાંધીયુગના વ્યક્તિ મટીને વિશ્વમાનવી બનવા મથતા કવિ ઉમાશંકરની હરોળમાં બેસાડી આપે છે.” મુનિકુમાર રઘુવીરની કવિતા પર લખતાં મુગ્ધરસિક અને પ્રસન્નકર મુદ્રામાં પેશ આવે છે. તેઓ જાણે છે કે રઘુવીર નવલકથાકાર તરીકે પહેલા અને પછીથી તરત જ પૂરા પ્રતિષ્ઠિત થયેલા સાહિત્યકાર છે અને એ ક્ષેત્રમાં તેમણે માતબર સર્જન કર્યું છે. આમ છતાં પુસ્તકનું પેટાશીર્ષક ‘તમસા’થી ત્રણ દાયકા સુધીની... સાહિત્યયાત્રા એમ આપ્યું છે. તેનું કારણ એ હોવાનો સંભવ છે કે રઘુવીરનું કાવ્યલેખન પહેલું અને વહેલું શરૂ થયેલું. મણિલાલ દેસાઈ, રાવજી પટેલ વ.ની સાથે જ, પણ ‘તમસા’નું પ્રકાશન સહેજ મોડું થયેલું. રઘુવીરનું કવિહૃદય મુનિકુમારે ધ્યાનથી નિહાળ્યું છે. હા, ‘તમસા’ની પ્રકાશનસાલ અંગે મુનિકુમાર સ્પષ્ટ નથી લાગતા; પુસ્તકના પૃ. ૫૨ પર ઈ. સ. ૧૯૬૬, પૃ. ૧૮૬ પર ઈ. સ. ૧૯૬૭ અને પૃ. ૧૯૨ પર ઈ. સ. ૧૯૬૪ એમ ૩ જુદી જુદી સાલ દર્શાવાઈ છે. આવું જ અનવધાન ઇન્દિરા ગાંધીએ લાદેલી ‘કટોકટી’ની સાલ અંગે લેખકે દાખવ્યું છે. પૃ. ૨૩ પર ‘પ્રેમઅંશ’માં ‘૧૯૭૬માં લદાયેલી કટોકટીનું વાતાવરણ પશ્ચાદ્ભૂ તરીકે લઈને...’ એમ પૃ. ૧૧૯ પર ‘ઇન્દિરા સરકારે ઈ. સ. ૧૯૭૭માં લાદેલી રાજકીય કટોકટીએ લેખકને ‘સિકંદર-સાની’ નાટક લખવાને પ્રેર્યા હતા.’ એ બહુ જાણીતી બાબત છે કે જૂન-૧૯૭૫માં ઇન્દિરા સરકારે રાજકીય કટોકટીની ઘોષણા કરી હતી.

પ્રકરણ-૫ ‘ત્રિભેટે મળવાની વાત’ શીર્ષકથી નાટકની ચર્ચા આપે છે. લેખક રઘુવીરનાં નાટકોની તાસીર તપાસ્યા બાદ રઘુવીરની સર્જક તરીકેની તેમ તેમની માન્યતાઓ અંગેની મર્યાદાઓ ચીંધી બતાવે છે. દા.ત. ૧. કાર્ટૂનિસ્ટ લક્ષ્મણની ‘યુ સેઇડ ઇટ’ કાર્ટૂનની પટ્ટીમાંનો ‘કૉમન મૅન’ દરેક કાર્ટૂનમાં ઉપસ્થિત રહીને રહસ્યોદ્‌ઘાટન કરતો રહે છે. એવી રીતે રઘુવીરની કૃતિઓમાં નવલકથામાં, નાટકમાં, એકાંકીમાં તેમની પોતાની હાજરી કોઈ ને કોઈ પાત્ર રૂપે અનુભવાય છે. અન્ય પાત્રોની સરખામણીમાં આ પાત્રોની જાણકારી વિશેષ હોય છે.” ૨. ‘પાત્રો પોતપોતાની રીતે વિકસતાં લાગે તો એકસરખી ભાષાનો બાધ ન હોઈ શકે’ એવું રઘુવીરનું મંતવ્ય ચિન્ત્ય છે. મુનિકુમાર જણાવે છે કે ‘એકસરખી ભાષા ઘણી વાર પાત્રવિકાસમાં અડચણરૂપ બને છે.’

પ્રકરણ-૬ ‘હૃદયમુકુરમાં ઝિલાયેલાં ચિત્રો’માં રઘુવીરના ચરિત્રલેખો-વિષયક મૂલ્યાંકન મળે છે. લેખક પોતે પણ ચરિત્રલેખનમાં ખાસ્સું કામ કરતા હોઈ રઘુવીરની લેખનશૈલીને ઝીણી નજરે તપાસે છે અને રઘુવીરના આ સર્જનમાં જે શૈલીવિશેષ પ્રગટ્યો છે તેની યોગ્ય કદર કરીને શ્રી યશવંત દોશીએ રઘુવીરના પુસ્તક વિશે જે અભિપ્રાય આપ્યો છે તેની સાથે સંમતિ-સૂચક અભિગમ વ્યક્ત કરે છે. શ્રી દોશીએ લખ્યું છે : ‘વ્યક્તિચિત્રોમાં ઘણી વાર બને છે એમ રઘુવીરે અહીં વિશેષણોથી કામ ચલાવ્યું નથી. એમનાં ઓજારો વર્ણન, પૃથક્કરણ અને પ્રસંગકથન છે.’

પ્રકરણ-૭ ‘બટ ટુ અન્ડરસ્ટૅન્ડ’ રઘુવીરના વિવેચનકાર્ય અંગેનું છે. ‘દર્શકના દેશમાં’ની પ્રસ્તાવનામાંથી એક વાક્ય શીર્ષકની નીચે મૂકવામાં આવ્યું છે. ‘હું પણ મારો અભિગમ અહીં સ્પિનોઝાના શબ્દોમાં સૂચવી શકું એમ છું – નોટ ટુ ક્રિટિસાઇઝ બટ ટુ અન્ડરસ્ટૅન્ડ.’ ચર્ચાનો આરંભ કરતાં પૂર્વે જ મુનિકુમાર એક અવતરણ ટાંકે છે. ‘એ લખાણ પ્રસન્ન છે, પ્રૌઢ છે, વિચારપ્રેરક છે, જેટલું આપે છે એના કરતાં વધારે સૂચવે પણ છે અને વાચકને દૂર ન રાખતાં પોતાની સાથે લે છે, પરિણામે વાચક એમની સાથે ગમે તેટલે સુધી જવા રાજી હોય છે.’ દર્શકના વિવેચનગ્રંથ’ વાગીશ્વરીનાં કર્ણફૂલો’ વિશે કાકાસાહેબ કાલેલકરનું આ નિરીક્ષણ રઘુવીરનાં વિવેચનલખાણોને પણ અનુકૂળ બની શકે એમ છે. એ રીતે રઘુવીરના વિવેચનની લાક્ષણિકતાને બિરદાવીને પછી તરત તેમનાં વિવેચનોમાં પ્રવર્તતા બિન-તાટસ્થ્યના દોષને સોય ઝાટકીને મુનિકુમાર નિર્દેશે છે. “ઉમાશંકરની કે રાજેન્દ્ર શાહની કવિતા વિશે, જયંતિ દલાલ કે દર્શકના સર્જનાત્મક ગદ્ય વિશે રઘુવીર લખે છે ત્યારે જોવા મળતો સમભાવ મધુરાયની ટૂંકી વાર્તાઓ વિશે લખતાં કે સુરેશ જોશીની કૃતિઓની ચર્ચા કરતી વેળાએ નથી જળવાતો. સમભાવ મમભાવ સુધી પણ પહોંચી જતો ક્યારેક જોવા મળે છે. આ સમભાવ અને આ અભાવ – બંને છેડા તીવ્ર રૂપે ઊપસી રહે છે.” આમ, મુનિકુમાર રઘુવીર અંગે તટસ્થપણે લખી શક્યા છે તેમ સમજાય છે. એટલે કે એક અભ્યાસીમાં જરૂરી એવું તાટસ્થ્ય અહીં જોવા મળે છે.

પ્રકરણ-૮ રઘુવીર ચૌધરીના અન્ય સાહિત્યનો પરિચય આપે છે. ‘બારીમાંથી બ્રિટન’, ‘વચનામૃત અને કથામૃત’ અંગે વાત કરવામાં આવી છે.

પ્રકરણ-૯ 'સાહિત્ય – પ્રજાને પ્રબોધતું – ભાષાને સમૃદ્ધ કરતું' શીર્ષક અને તેની નીચે મુકાયેલું અવતરણ 'વક્તવ્ય પ્રજાને પ્રબોધે અને અભિવ્યક્તિ ભાષાને સમૃદ્ધ કરે.' (ગુજરાતી નવલકથા – ર. ચૌ.) રઘુવીર અંગેના સમગ્ર અભ્યાસને ફરીથી સમાપનના રૂપમાં પણ કૃતિઓના નામનિર્દેશ સાથે મુદ્દાઓને ઘૂંટી રજૂ કરવાનો ઉપક્રમ રાખે છે. નાટક, ચરિત્ર, વિવેચન અને અન્યની ચર્ચા ઉપરછલ્લી રહી છે, જ્યારે પુનરાવર્તન ટાળી શકાયું નથી.

'રઘુવીરની પ્રતિભા લઘુનવલકથાકારની અને નિબંધકારની છે' તેવી સ્થાપના મુનિકુમાર કરે છે. નરેશ વેદનું વિધાન 'રઘુવીર ચૌધરી અને હરીન્દ્ર દવે પરંપરા-પ્રયોગશીલતાના સમન્વયમાંથી હજુ કશું ઉમદા ઉપજાવી શક્યા નથી', ટાંકીને તેના પ્રતિવાદ દ્વારા મુનિકુમાર કહે છે, 'પરંપરા અને પ્રયોગશીલતાનો સમન્વય રઘુવીરને આપણા વર્તમાન સાહિત્યસર્જકોમાં અનોખું સ્થાન અપાવે છે.' વધુમાં તેઓ નોંધે છે, ''રઘુવીરે પરંપરામાંથી જે ઉપાડ્યું છે એ સૂક્ષ્મ સ્તરે છે. લેખકને ''પરંપરા'' જે એના વિશાળ અર્થમાં અભિપ્રેત છે, સંસ્કૃતિ, મૂલ્યો અને ભાષાના માનવજાતને મળેલ વારસાનો કૃતજ્ઞતાપૂર્વકનો સ્વીકાર છે.'' સમગ્ર પ્રકરણમાં રઘુવીરના સાહિત્યને મૂલવવાનો, બધા જ મુદ્દાઓને ઘૂંટવાનો ઉપક્રમ રહ્યો છે.

અંતમાં પરિશિષ્ટ-૧માં રઘુવીરની 'સોમતીર્થ' નવલકથા વિશે આસ્વાદમૂલક અવલોકન મૂકવામાં આવ્યું છે. વધુમાં, રઘુવીર ચૌધરીના જીવન અને કવનની સાલવારી, તેમનું સર્જન સ્વરૂપલક્ષી વર્ગીકરણ સાથે, તેમજ પુસ્તક-નામસૂચિ, કર્તાનામસૂચિ (પૃષ્ઠાંક) સાથે મૂકવામાં આવ્યાં છે.

મૂલ્યાંકન અભ્યાસપૂર્ણ બન્યું છે અને રજૂઆત રસપ્રદ શૈલીમાં થઈ છે. વિવેચનમાં ભાષાની દુર્બોધતા, ક્લિષ્ટતા, અંગ્રેજી અવતરણોની ભરમાર વગેરે મર્યાદાઓથી આ વિવેચન મુક્ત રહ્યું છે તે નોંધપાત્ર ગણાય. અપેક્ષા એ કે '૯૦ પછીના રઘુવીરના આજ સુધીના સાહિત્યને મૂલવતો બીજો ગ્રંથ લેખક વહેલી તકે આપે અને પોતાના વિવેચનલેખોનો સંગ્રહ પણ પ્રગટ કરે.